# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

કુકર્મો કરનારા પરસ્પર રાખે છે નજર!
પોલીસો 'જૂથો' એકમેક પર રાખે છે નજર!
રાખે છે નજર 'સાહેબ' બિલાડીઓ બઝાડીને -
વ્હાલાં-દવલાં પર વ્હાલ ભરી રાખે છે નજર!
(છ મહિનામાં એક લાખ CDR)

## હાઈકુ

નિષ્ઠુર પાસે,
કરે છે વ્યક્ત ચિંતા -
રાખજો દયા!
(ચીન સાથે ચર્ચા)

'જૂથ' સંગ્રામે
ઘડાય રણનીતિ -
હારવા માટે?!
(આ વખતે કોંગી-રણનીતિ)

## ચિંતન

**પ્રિયપાત્રા વૃત્તિ વિનય મદુરો ચાપિ નિયમ : પ્રકૃત્યા કલ્યાણી મતિ ર નવગીતઃ પરિપથઃ**
**પુરોવા પશ્ચાદ્વા તદિદમવિપર્યા સિતરસં રહસ્યં સાધુનામપધિ વિશુદ્ધં વિજયતે ॥**

'સજ્જનોની વૃત્તિ પ્રેમયુક્ત હોય છે તેમનામાં મધુર વિનય હોય છે તેમની વાણી વિવેકથી સભર યથાયોગ્ય હોય છે. તેમની બુદ્ધિ સ્વભાવથી જ કલ્યાણકારી તેઓ કોઇનો પરિચય આપે તો પણ એમાં ક્યાંક નિંદા કે ઉતારી પાડવાનો જરા પણ ભાવ ડોકાતો નથી. આ રીતે તેમનું જીવન આદિથી અંત સુધી એક જ પ્રકારનું સત્વરસથી ભરેલું, વિશુદ્ધ અને નિખાલસ હોય છે આવા સજ્જન લોકો જ જગતમાં વિજય પ્રાપ્ત કરે છે.'

વાણીમાં વિનય-નમ્રતા સાથે સચ્ચાઇ ભરી નિખાલસતા, કોઇના ભાવજગત - ઉદય- મનને ઠેંસ ન પહોંચે એ રીતે વાતચીત - વર્તન સજ્જન લોકો કરતા હોય છે.

તેમનું વર્તન બધાની સાથે નાના મોટો, ધનિક-ગરીબ, નામાંકિત-સામાન્ય બધા જ લોકો સાથે એક સરખું વર્તન અને હૃદયના ભાવ રાખતા હોય છે. મન-વિચાર કે કર્મથી પણ અંતર-ભેદભાવ રાખતા નથી આ એમની મોટી સિદ્ધિ અને નિખાલસતા છે પરિણામે સંસાર-વ્યવહારની બધી જ સમસ્યામાં એમનો વિજય થાય છે.

## સુવિચાર

- પ્રાણ-જીવનનો મોહ ત્યાગ કરવો એ જ વીરતાનું રહસ્ય અને લક્ષણ છે **- જયશંકર પ્રસાદ**
- વીરતા એ ડર-ભય પરના આત્માનો વિજય છે **- એમિયલ**
- સાચી વીરતા-હિંમત એટલે ગમે તેવાં જોખમ સામે ધસી જવામાં નથી પરંતુ વ્યાજબી કારણને મક્કમપણે વળગી રહેવામાં છે **- ગાંધીજી**
- સલામત સ્થળ-પદેથી વીરતા બતાવવી સરળ છે **- ઇસપ**
- વિવેક વિનાની વીરતા મહાસાગરનાં મોજાં પર મહાલતી નાવડી જેવી છે તે ક્યારે ડૂબાડી દે એ કંઇ કહેવાય નહીં **- બેકન**
- વીરતા કહેવા-બતાવવા કે વાતોનો વિષય નથી-પણ સમયસર અમલમાં મૂકવાની બાબત છે **- થોમસ ફૂલર**
- આત્મવિશ્વાસ એટલે જ વીરતા **- એમર્સન**

## બોધ કથા

ખાસ કરીને આપણી ભોળી, અશિક્ષિત, અને ગ્રામ્યપ્રજામાં 'પોલીસ'નો ડર એવા ઘર કરી ગયો છે કે 'પોલિસ મિત્ર' સંકલ્પના એમને સમજાય એ તો સ્વપ્ન વાત જ છે એટલે તો આજે 'નકલી'નું પણ સમાંતર સામ્રાજ્ય ચાલે છે. યુપી-બિહારમાં આજેય કેટલાય 'બંધ' હશે.

એક નિષ્ઠાવાન-ન્યાયપ્રિય ન્યાયાધીશ પાસે ફરિયાદ આવી એક જિલ્લાની જેલમાં કેટલાય નિર્દોષ ગરીબ અભણ ખેડૂતને પૂરવામાં આવ્યા છે - કોઇ અરજી ફરિયાદ મળ્યા વિના જાતે જેલની મુલાકાતે ગયા. રાઉન્ડ લીધો. એક કોટડીમાં એક મજબૂર-ખડતલ ખેડૂત પુરાયેલી હાલતમાં રડતો હતો. ન્યાયાધીશે પૂછ્યું કે રડો છો? શું ગુન્હો કર્યો હતો? ખેડૂતે કહ્યું, સાહેબ, મને તો ખબર જ નથી મને શું કામ પકડયો અને પૂર્યો.

ન્યાયાધીશે એની ફાઇલ મંગાવી - કોટવાળે કહ્યું એના ગામમાં રાઉન્ડ હતો. મને જોઇને ભાગ્યો, રાત હતી હું એના પાછળ દોડયો અને પકડી લીધો. જડતી લીધી. એના ખિસ્સામાંથી દિવાસળી પેટી, મીણબત્તી, ડીસમીસ મળ્યાં - 'ચોરી' ના સાધન હતા. એટલે પકડયો - પૂર્યો હજુ કેસ ચલાવવાનો બાકી છે.

ન્યાયાધીશે પોલીસનો બાંધો ફાંદ જોઇ પૂછ્યું તમે એને જયારે નાસતાં જોયો ત્યારે એ કેટલે દૂર હતો?

પોલીસ કહે - બસો મીટરથી પણ દૂર - ન્યાયાધીશે જેલનું મેદાન જોઇ કહ્યું, આ ૧૫૦ મીટરથી નાનું છે. જેલનો દરવાજો ખોલી નાખો એને દરવાજા પાસે દોડાવો - મારી નજર સમક્ષ તમે એને પકડી બતાવો - પકડીને લાવો તો પૂરજો નહીં તો એ આઝાદ. ખેડૂત દોડસો મીટરે ના દોડયો પોલીસ દરવાજા સુધીમાં તો હાંફી પટકાઇ ગયો. ખેડૂત આઝાદ થઇ ગયો.

E-mail : sureshchandrabhatt18@gmail.com

# અભિમન્યુને જયાં ફેસબુક પર શબનમ પટેલનું નામ ટાઇપ કરી સર્ચ કર્યું તો દેખાયું કે કોઇ માહિતી ઉપલબ્ધ નથી, બેઝીક ઈન્ફર્મેશનરૂપે સ્ત્રી લખેલ હતું, કુરેશીએ અભિમન્યુ તરફ જોયું...

## નવાં ક્લેવર

- નટવર હેડાઉ

(ગતાંકથી આગળ....)

"સર, તમે ટેન્શન ન લેશો હું અહીં આ સોફામાં સુઇ જઇશ. સવાર થતાં વાર નહીં લાગે. તમને ઊંઘ આવતી લાગે છે. જઇને સૂઇ જાવ."

શબનમ ઊભી થઇ ગઇ.

"શબનમ મેં કહ્યું ને કે હું એકલો છું." તેની બેચેની હવે બહાર આવી તે આવું કહેએશે એવું તો તેણે વિચાર્યું પણ ન હતું.

"સર, તમે આવું કેમ કહો છો, હું કંઇ..." વાત પુરી કર્યા વિના જ એ અવિશ્વાસ સાથે તેની તરફ જોઇ રહી. "ના... ના.... એવું કંઇ નથી. આવ... આવ..." તેણે બાજુનાં રૂમનું બારણું ખોલી લાઇટ ચાલુ કરી આપી. ગમે ત્યારે કોઇ મહેમાન આવે તો અહીં જ રહે છે.

"બંધ કરી સૂઇ જા સવારે મળીશું. ગુડ નાઇટ."

તે જલ્દી પાછો આવ્યો અને પોતાના રૂમનું બારણું બંધ કર્યું. હે ભગવાન હવે શું થશે. જરૂર કંઇક ગડબડ લાગે છે.

બુદ્ધિ અને વિવેકથી પર એવું કંઇ થઇ રહ્યું છે. આ મન પણ કેવું વિચિત્ર છે. આજકાલના છોકરાઓની હિંમત તો જુઓ.... તેને કંઇ સમજાતું ન હતું.

અભિમન્યુ જાણે કે કોઇ ચક્રાવામાં આવી ગયો હતો. તેને કંઇ સમજાતું ન હતું. ઊંઘ પણ આવતી ન હતી. સવાર થતાં પહેલાં જ તેણે બારણું ખખડાવી શબનમને જગાડી.

"મારે બહાર જવાનું છે." અભિમન્યુ એ કહ્યું.

તેનો ચહેરો જરાક લેવાઇ ગયો હતો.

"તમારી સાથે ઘણી વાતો કરવાની અને લાઇબ્રેરી જોવાની ઇચ્છા હતી. ફરી ક્યારેક જોઇશ. ખરૂં ને!"

"હાં ફરી ક્યારેક, એ ઘેર હશે ત્યારે કોઇ દિવસ બોલાવીશ."

"શબનમ હસી."

જલ્દી તૈયાર થઇને શબનમ પટેલ જતી રહી ત્યારે અભિમન્યુને યાદ આવ્યું કે તેણે ઔપચારિકતા પણ ન બતાવી. ચ્હા પાણીનું પણ ન પૂછ્યું. એ પણ ન પૂછ્યું કે અત્યારે તે ક્યાં અને કેવી રીતે જશે. તેની સાથે બરાબર વાત પણ ન કરી. ગમે તે પણ માથેથી એક પોજ ઉતરતાં હાશકારો થાય છે તેમ અભિમન્યુને લાગ્યું. તે પેલા રૂમ તરફ ગયો. જોયું તો એમ લાગ્યું કે રાતે અહીં કોઇ રોકાયું જ ન હોય. બધું જ પહેલાંની જેમ ગોઠવી ને એ ગઇ હતી. આવી પરિસ્થિતિમાં એ સુરક્ષિત ઘેર પહોંચી જાય તો સારૂં. બિચારી તેને બસ મળી હશે? ફરી પલંગમાં પડતાં એ વિચારવા લાગ્યો. ના.... ના... હવે કંઇ વિચારવું નથી. જેમ એ આવેલી એમ જ જતી રહી. બસ એટલું બહું છે. જો પત્ની કે બીજું કોઇ આવી ગયું હોત તો શું વિચારત?

કેટલે મોડે સુધી એ સુઇ રહ્યો તેનું કંઇ ભાન રહ્યું ન હતું. પણ અચાનક ગાડીનો અવાડ સાંભળીએ ચોંકીને બેઠો થઇ ગયો. બારણું ખોલીને જોયું તો આંગણામાં પોલીસની જીપમાંથી પી.એસ.આઇ. કુરેશી તેની તરફ આવતો હતો. મિત્ર છે. ઘણી વખત ઘેર આવે છે.

"અરે! કુરેશી, આજે કંઇ સવાર સવારમાં?"

"સવારની વાત કરે છે. જો તો ખરો બપોર થવા આવી છે."

અભિમન્યુ એ ઘડીયાળ જોઇ પછી જરા હસ્યો. તેને લાગ્યું કે કુરેશી કોઇ ગંભીર બાબત અંગે પુછવા આવ્યો છે. તેનો ચહેરો જોઇને તો એવું જ લાગ્યું હતું. અભિમન્યુ ને જાણે કે વિજળીનો ઝાટકો વાગ્યો. તે અસંમજસમાં પડી ગયો. શું કહેવું.

"હાં... શબનમ... શબનમ પટેલ." તેણે થોથવાતાં કહ્યું. "શબનમ પટેલ... એ કોણ છે?"

તે મારી ફેસબુક ફ્રેન્ડ છે.

"તું શું બોલે છે? ફેસબુક ફ્રેન્ડ, અરે પેલા હત્યાકાંડના મુખ્ય સૂત્રધારે પોતાની પ્રેમીકાને ગાંધીનગરથી આ તરફ બસમાં બેસાડી ખુદ ક્યાંક ફરાર થઇ ગયો છે. બસ સ્ટેન્ડથી માહિતી મળી કે ગાંધીનગરની બસમાંથી ઉતરી એક સ્ત્રી આ તરફ આવી છે."

અભિમન્યુ ચક્રાવે ચડી ગયો. તેણે જલ્દી જલ્દી આખી વાત કુરેશીને કરી. હું તને ઓળખું છું. તેથી વાંધો નથી. પણ ઘણી બાબતોને હલ કરવી પડશે. મામલો બહુ જટિલ છે. સ્થિતિ અત્યંત નાજુક છે. કોણે માર્યો, કોણે મરાવ્યો એ બધું મળી ગયું છે. બસ એક મોકાની રાહ જોવાઇ રહી છે. એ લોકોએ જ માહિતી આપી કે એક સ્ત્રી આ તરફ આવેલી છે. અજાણ્યો ફોન હતો. પણ અમે નંબર શોધી કાઢ્યો.

અભિમન્યુ પરસેવે રેબઝેબ થઇ ગયો.

"સારૂં, હત્યાકાંડના સૂત્રધારની પ્રેમીકા તારી ફેસબુક ફ્રેન્ડ હોઇ શકે, ખરૂં ને?" કુરેશીએ પૂછ્યું.

"ના, મને પુરો વિશ્વાસ છે." અચાનક બધી તાકાત એકઠી કરીને અભિમન્યુ એ કહ્યું. "તેની બાબતમાં લગભગ બધું જ હું જાણું છું."

"શું જાણે છે... આવ..."

કુરેશી સીધો જ કોમ્પ્યુટર રૂમ તરફ ગયો...

અભિમન્યુને જયાં ફેસબુક પર શબનમ પટેલનું નામ ટાઇપ કરી સર્ચ કર્યું તો દેખાયું કે કોઇ માહિતી ઉપલબ્ધ નથી. બેઝીક ઇન્ફર્મેશન રૂપે સ્ત્રી લખેલ હતું. કુરેશીએ અભિમન્યુ તરફ જોયું. અચાનક કુરેશીના ફોનની રીંગ વાગી. ફક્ત તેનો અવાજ સંભળાતો હતો.

"ક્યાં? સારૂં... કેવાં કપડાંમાં?" ઓ.કે . હું ટીવીમાં જોઉં છું.

તેણે પાછા ફરીને અભિમન્યુને કહ્યું. "તેને અડાલજ પાસેથી પોલીસે પકડી લીધી છે. તેણે કેવા કપડાં પહેર્યાં હતા."

"પંજાબી ડ્રસ" "વાદળી રંગનો હતો?" "યા અલ્લાહ મુસીબત થવાની. તું ટી.વી.માં કોઇ ન્યૂઝ ચેનલ લગાવ."

અભિમન્યુને કંઇ સમજાતું ન હતું. તેણે ટીવી ચાલું કર્યું. અલગ અલગ દૃશ્યો આવતાં હતા. એક છોકરી પંજાબી વાદળી ડ્રેસમાં પોલીસ સ્ટેશનમાં. "શું એ જ છે?" "ના."

તેણે યાદ કર્યું. શબનમ જેવી એ સુંદર નથી. વળી લંબાઇ પણ વધુ છે. પહેરવેશમાં પણ ફરક છે.

"અલ્લા એ તને બચાવી લીધી. " લાંબો શ્વાસ લઇ આશ્વાસન આપતાં કુરેશીએ કહ્યું, "હવેથી તું જરા સાવચેતી રાખજે. કવિતામાં તું લખે છે એવી જિંદગી હોતી નથી."

કુરેશીના ગયા પછી. થોડીવારે અભિમન્યુના મોબાઇલ પર એક મેસેજ આવ્યો. તે શબનમનો હતો.

"હું જેવી વિચારતી હતી તેવા તમે બિલકુલ નથી. જયારે શહેરમાં ભારેલા અગ્નિ જેવી પરિસ્થિતિ હોય ત્યારે ઘેર એકલો રહેલો પુરૂષ કોઇ સ્ત્રીને એકલી આવેલી જોઇ આ રીતે વર્તન કરે તે કેવું લાગે. સ્ત્રી પુરૂષના સંબંધ બાબતે બસ એક જ તરફી તમે જુઓ છો, બીજા પાસાનો વિચાર કરી નથી શકતા. મને એમ થાય છે કે આપણો પરિચય થયો ન હોત તો સારૂં હતું. માનવતા વિહોણા અને પથ્થર દિલ માણસોથી મને ઘૃણા થાય છે. તમે દંભી છો અભિમન્યુ સર... દંભી..."

તેનો જવાબ તેણે કંઇક આ રીતે લખ્યો. "થોડીક મમતા, પ્રેમ, હૃદયની વિશાળતાવાળા લોકો માટે આ જગ્યા બરાબર નથી મને માફ કરી દેજે. મારી સ્થિતિ ક્યારેક તને સમજાશે જરૂર." (પૂર્ણ)

vanvihari@gmail.com

# દિમાગ કી બત્તી જલાઓ..!! એક આઈડિયા જ બદલે આપ કી દુનિયા..!!

## હેલ્લો ફ્રેન્ડસ્!

- સંજય થોરાત

સમાચારની સુર્ખીયોમાં ચાર-પાંચ ન્યુઝ સારાં એવાં ચમક્યાં એમાં બે નેગેટીવ અને ત્રણ પોઝીટીવ હતાં... સંજય દત્ત અને શ્રીસંત બંનેની ચર્ચા ટીવી ચેનલ, રેડિયો, અખબાર અને ગલ્લાઓ પર રાઉન્ડ ક્લોક ચાલી એટલે સ્વાભાવિક છે એની વાત અહીં નહીં જ થાય... બીજા બે સમાચાર એટલે ધોરણ-૧૨ નું ૯૩% રેકોર્ડ બ્રેક રીઝલ્ટ, અને ગાંધીનગરની વાત કરીએ તો ગુજરાત રાજયનો ગ્રેડ અને ગાંધીનગરની એક માત્ર દીકરીએ ગ્રેડ એવન આવ્યો...

અને એક ન્યૂઝ જેના પર મારી નજર ચોંટી ગઈ અને એમાંથી યંગસ્ટર્સ માટે એક દિશા ખુલે એવાં ઝગારા મારતો વિચાર ઘુસી ગયો એ હતા. નરેન્દ્ર મોદીની વેબસાઈટ અપડેટ કરતો છોકરો એનો કોન્ટ્રાક્ટ રિન્યુ નહી કરે... મુખ્યમંત્રીની વિવિધ નવ વેબસાઈટ અપડેટ કરવાનો કોન્ટ્રાક્ટ કરતાં ભાઈને એથી વધુ રૂપિયાનો કેન્ટ્રાક્ટ અન્યત્ર મળતાં તેણે આ કામ છોડી દીધુ... બસ, ત્યારથી મગજમાં ઉથલપાથલ શરૂ થઈ કે એવાં તો અગણિત કામ છે જેમાંથી થોડાં ઘણાં તો આપણાં ઈન્ટરેસ્ટના હોય જ ને? જો એને ટાર્ગેટ કરીએ તો?

**કોઈ ડિગ્રી નથી? કોથળો ભરીને માર્ક્સ પણ નથી નો પ્રોબ્લેમ, બસ લોકોની જરૂરીયાત સમજો અને તમારી ઈચ્છા મુજબની સર્વીસ પ્રોવાઈડ કરો, પછી ખનાખન...**

કોઈ ડિગ્રીની જરૂર નથી, કોથળો ભરીને ટકા (જે આજકાલ હૉસલેસમાં મળે છે) એની જરૂર નહીં, જોઈએ માત્ર એક આઈડિયા. જેમની પાસે સમય નથી પણ પૈસા છે એવા લોકોને વેચી શકાય એવો આઈડિયા શોધી કાઢવાનો... કેવાં કેવાં આઈડિયા? થોડા ઘણાં મારી પાસેથી, બાકી તમને ગમતું હોય ત્યાં નજર દોડાવજો, તમે એના પર નજર દોડાવશો તો પછી રૂપિયાની ખનાખન...

ભસતાં કૂતરાં સાથે દોસ્તી કરીને એને નવડાવતાં આવડે છે? તમને માર્ક્સ ભલેને બહું ના મળ્યા હોય પણ વેક્યુમ ક્લિનર વાપરતા આવડે છે? ભલે બધી રસોઈ ના આવડતી હોય પણ માત્ર ઈડલી કે પાણીપુરી કે પછી એમાં કશાકમાં એક્ષપર્ટ છો? કોનો મોબાઈલનો વપરાશ કેવો છે એવું જાણીને સૌથી સસ્તો અને બેસ્ટ પ્લાન એને સજેસ્ટ કરી શકો? બાઈક પંચર થયું હોય તો એનું વ્હીલ કાઢીને સ્પેર વ્હીલ બેસાડતાં આવડે છે? ધારો કે તમને કીધું કે મારે સૌરાષ્ટ્ર ફરવા જવું છે, તો તમે પરફેક્ટ રૂટ, કિંમી, હોટલ સમજાવી શકશો? અઘરામાં અઘરાં વિષયને સહેલો કરીને સમજાવવાની સ્કીલ છે તમારામાં?

નાનકડાં રડતાં બાળકને શાંત કરી અને રમાડી, સરસ વાર્તા કહેતા ફાવશે તમને? શાકમાર્કેટ જઈને સારી શાકભાજી, ફળફળાદી લાવતાં ફાવશે? ફૅસબુક પર કલાકોના કલાકો બેસી ટાઈમ પાસ કરવાનું ગમે છે તમને? એકલા રહેતા વૃદ્ધ દંપતીને બગીચામાં ફરવા લઈ જવાનું અથવા એમનાં મેડિકલ ચેકઅપ માટે જવા તમે ખુશીથી તૈયાર થશો? બહેનપણીનો મેકઅપ કરવામાં એની હેરસ્ટાઈલ કરવામાં તમને મજા પડે છે? કાપડનાં વિવિધ ટૂકડામાંથી એક-દો કૂર્તી સીવી શકો છો? ટૂ વ્હિલર આવડતું હોય તો ટીફીન સર્વીસ કરવાની ઈચ્છા કરી? મજૂરો પાસે કામ કરાવી શકો? માળી પાસે ગાર્ડન લીલોછમ્મ કરાવી શકો? મેઈન્ટેનન્સના કામમાં દિલચસ્પી ખરી? ચાલો એકાદ બે નું વિવરણ કરી લઈએ...

ટ્વિટર, ગુગલ પ્લસ, ફેસબુક જેવી સોશ્યિલ નેટવર્કીંગ સાઈટ્સ વાપરવી અને એ પણ અપડેટ હોવી એટલી જ મહત્વની છે. એના પરથી તમારી પર્સનાલીટી અનેક અર્થમાં મહત્ત્વની હોય છે... આજકાલ ધોની, જાડેજા, બચ્ચન, શશી થરૂર કે નરેન્દ્ર મોદી અવારનવાર કંઈક ટ્વિટ કરતાં હોય છે અને નોંધ સમગ્ર મીડિયા લેતું હોય છે. રાજકીય નેતા, મોટી સેલિબ્રીટી એમનો વપરાશ આવી સોશ્યલ સાઈટ પર વધુ હોય છે. પણ એ સાઈટ પર એ અવારનવાર નિયમિત દેખાય છે એ માટે જે સમય આપવો પડે એ એમનાં માટે શક્ય નથી. પછી આ લોકોની પ્રોફાઈલ ચલાવવાં માટે અન્ય




વ્યક્તિની મદદ લેવાય છે. અનેક વખત નાની - મોટી કંપનીઓને આવી સેવાની જરૂર હોય છે. (પેલાં પાંચમાં નરેન્દ્ર મોદીની સાઈટસનાં કોન્ટ્રાક્ટને અનુસંધાને, બરાબરને?) હવે જો તમને રસ હોય તો શું કરવાનું?

સોશ્યલ નેટવર્કીંગ સાઈટ્સનો સહેલાઈથી અને સાતત્યપૂર્વક પાવરવાની ક્ષમતા. જે એરીયાનુ કામ હોય (મોદી હોય તો ગુજરાતને પવાર હોય તો મહારાષ્ટ્ર) એની માહિતી જોઈએ. કારણ કલાંયટની દૃષ્ટિથી અપડેટ રહેવાનું અત્યંત મહત્ત્વનું હોય છે. ઑનલાઈન શું શું ચાલી રહ્યું છે એ વિશે કલાયંટને સતત કહેતા રહેવાનું. એમની 'એ' પ્રોફાઈલ સતત ચર્ચામાં રહે એવી અપડેટ કરતા આવડવું (પ્રોફાઈલ બીજી વ્યક્તિ ચલાવતી હોય તો પણ એ સંબંધે વ્યક્તિની સમંતી અને એનું સમાજમાં સ્થાન, વિચાર, વ્યક્તિત્વ ધ્યાને લઈને અપડેટ કરાય) જે તે વ્યક્તિની સામાજિક પ્રતિષ્ઠા ઉંચ કામ એ માટે જે સેવાનાં ઉપયોગ કરાય એવી ભાષા, કોમેન્ટ્સ, ફોટાની પસંદગી અને એને વાપરવાની કલા... બૉસ, ઘણાં લોકો પૈસા ખરચવા તૈયાર છે, બસ તમે આ સર્વીસ પ્રોવાઈડ કરો... અને...

આજકાલ મોટી કંપનીના અધિકારીઓ, માલિકો, બીઝનેશમેન, નેતાઓ આ બધાંને સ્થાનિક, રાજકીય, રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય સ્તરે થતો સામાજિક ઉથલપાથલ, બીઝનેશ અપડેટ્સ, નવી શોધ, રમત-ગમતમાં થતાં રેકોર્ડસ, ઈવન ક્રાઈમ અને રેપમાં કિસ્સા, પાર્ટીઓમાં થતી નેતાઓની ખેંચાખેંચ વાચો વાંચવાનો, જોવાનો સમય હોતો નથી. નરેન્દ્ર મોદી જો દરેક અખબાર વાંચવા કે ટીવી ચેનલ્સ જોવા બેસો તો રાજયનો કારભાર કેમનો ચલાવે? અને દિલ્હીની ખુરશી પર કેમનો ડોળો રાખે? નેતા કે બીઝનેશમેન સરખેસરખા ભેગાં થાય ત્યારે, મિટીંગમાં મિત્રોમાં કે હાઈપ્રોફાઈલ પાર્ટીમાં વટ પાડવ કે જ્ઞાનનો ભંડાર બતાવવાં બધી માહિતી જોઈતી હોય છે એમને 'અપડેટ' રહેવું હોય છે... બસ અહીંથી જ એક નવી દિસા આપણાં જેવાં લોકો માટે ખુલી જાય છે... તમારે શું કરવાનું?

તમારાં ક્લાયન્ટને એની ગરજ પ્રમાણે અઠવાડીયે એક કે બે વાર અને કદાચ રોજ પણ તાજા સમાચારોથી અપડેટ કરવા માહિતી પુરી પાડવાની. ટીવી સમાચાર, અખબાર, મેગેઝીન અને ગુગલ પર રોજેરોજની માહિતી ભેગી કરવાની. બધી માહિતીનું વિવરણ કરવાની, કલાયંટની ગરજ ઓળખીને એ વિશેની સિલેકટીવ માહિતી પુરી પાડવાની... ઘણાં બીઝનેશમેન એક કાયમી નોકરદાર રાખવા કરતાં માહિતી અથવા ટેન્ડર પુરા પાડતાં કન્સલટન્ટ રાખવું વધુ પ્રીફર કરે છે, બસ નેટ પર મથ્યા કહો એટલે બે-ચાર કલાયંટને સાચવો તોય ઘર-સંસાસ સુપેરે દોડયો થાય...

માત્ર મોટી ડિગ્રી અને ઢગલાબંધ માર્ક્સ મેળવવાથી જ બધું નથી મળતું અને જેને નથી મળતાં એનેય કાંઈ નાસીપાસ થવાની જરૂર જ નથી. અનેક એવી નાની નાની તકો આપણી આજુબાજુમાં જ છે, તમે રોજીરોજી પણ મળશે... બસ દિમાગ કી બત્તી તેજ રખ્ખો ઔર એક આઈડિયા લગાઓ જો બદલ દે આપ કી દુનિયા...

**ચૂંટલો :**

મોનોપોલી બીઝનેશ વાળી વ્યક્તિઓ જોશો તો ખ્યાલ આવશે કે એમની પાસે કોઈ મોટી ડિગ્રી કે ઢગલો માર્કસ નથી, પણ તેઓ આઈડિયાથી અવગણિત વસ્તુઓમાં મોટોપોલીસ મેળવી ધીખતો ધંધો કરે છે. સફળ બીઝનેશમેન, નેતા, ખેલાડી, અભિનેતા, નિષ્ફળ શિક્ષકો (ટયુશનમાં સફળ) તમારી નજર દોડાવજો અચંબો પામશો.

# જિહ્‌વા મે મધુમત્તમા

## સાવ સાદાં દેખાતાં ફૂલો ચમત્કાર સર્જે છે, એમ જ સાવ સાદા લાગતા શબ્દોથી માણસ ખીલી ઊઠે છે - આનંદીય બની જાય છે

## પારિજાત

- રેખા ભટ્ટ

એવું ક્યારે બને કે જીભમાંથી મીઠાશ ઝરતી હોય અને આંખોમાંથી સ્નેહ! આખું યે હૃદય આનંદથી છલકાતું હોય, કોઇને પણ માટે દ્વેષ-ઇર્ષ્યા - પૂરગ્રહ ના હોય ત્યારે જ!

વેદની ઋચાઓમાં - મંત્રોમાં કહેવાય છે. તેમ -

હૃંદય મયિ । અહમ મૃતે । અમૃતં બ્રહ્મણિ ।

- હૃદયમાં અમૃત છે - બધું અમૃતમય છે અને તેની જીભમાંથી પણ મીઠાશ છલકાય છે.

વક્ત્રે સરસ્વતી તિષ્ઠતુ । - જીભ પર સરસ્વતીનું સ્થાન છે જે મીઠાશ પ્રસરાવે છે - વીણાની મીઠાશ -

અને હૃદયમાં કડવાશ - પૂર્વગ્રહો હોય તો? થોડી થોડી વારે આપણી વાણી - વર્તન દ્વારા ઉદ્વેગ સતત પ્રગટ થયા કરે છે. આપણી માન્યતાઓ - બીજા માટેનો અભાવ - ભૂતકાળના સારા - નરસા અનુભવો - આપણે ભૂલતા નથી - ભૂલવા માગતા નથી અને બીજાને પણ સતત યાદ કરાવ્યા કરીએ છીએ -

બહારથી તો આપણે પ્રેમાળ - સહાનુભૂતિ ભરેલા - મિલનસાર દેખાવા સતત પ્રયત્ન કરીએ છીએ પણ નાનું અમથું કારણ જડી આવે કે તરત જ - અથવા ન હોય તેવાં બહાનાં શોધી કાઢીએ છીએ - અને આપણે ખુલ્લા પડી જઇએ છીએ - ચહેરો આકળ વિકળ આંખોમાં રોષ અને વાણીમાં નકરી કડવાશ.

પછી સ્થળ, સમય ભૂલી જઇને સામે જે હોય તેને ઘાયલ કરી મૂકીએ છીએ - ધારદાર - તીક્ષ્ણ વાણીથી. કેમ કે હૃદયમાં હવે અમૃત નથી અને તેથી વાણીમાં મીઠાશ નથી.

હૂબહૂ પેલી બે કીડીઓની વાર્તાની જેમ - બે કીડીઓ બહેનપણી - એક રહે મીઠાની ટેકરી પર, બીજી રહે ખાંડની ટેકરી પર. એકવાર સામસામે મળી ગઇ - નમસ્તે કર્યા. ખબર અંતર પૂછ્યા - તો મીઠાની ટેકરીવાળી કીડી કહે, "અલી, બાઇ, મારી જીભ પરથી ખારાશ નથી જતી." એટલે બહેનપણીએ કહ્યું - ચાલ, મારે ત્યાં ખાંડ ચાટજે - મજા કરજે.

બંને ગયાં ખાંડની ટેકરી પર - પછી પાછું પૂછયું - કેમ, મજા પડી? "ના રે ના! મને તો હજુ ય ખારૂં જ લાગે છે." બીજી કીડીને નવાઇ લાગી. તારૂં મો ખોલ તો? જોયું તો અંદર મીઠાની ગાંગડી ફર્યા કરે. એટલે કીડી હસી પડી અને કહે, પણ પહેલાં આ મીઠું તો થૂંક!"

આપણે મીઠું થૂંકતા નથી અને ખાંડ નો સ્વાદ માણી શકતા નથી.

સાવ સાદાં દેખાતાં ફૂલો ચમત્કાર સર્જે છે. એમ જ સાવ સાદા લાગતા શબ્દોથી માણસ ખીલી ઊઠે છે - આનંદીય બની જાય છે. તેથી જાતુષ જોશીને કહેવાનું મન થયું હશે કે -

"શબ્દને નાનો સૂનો સમજો નહીં
શબ્દ ઇશ્વરનો જ તો અવતાર છે."